ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# શહેરમાં વિક્રમી ઠંડી : પારો ૬.૫ ડીગ્રી

## છેલ્લા એક સપ્તાહમાં ઠંડીનો પારો ૮ ડીગ્રી નીચે સરક્યો : આક્રમક ઠંડીથી સેકટરોની શેરીઓમાં સાંજ ઢળતા જ સન્નાટો : જનજીવન પ્રભાવિત ઘરોમાં હીટર ઓન : ખુલ્લામાં રહેતા શ્રમિક પરિવારો તાપણાના સહારે



ગાંધીનગર તા ૨૧

ગાંધીનગરમાં છેલ્લા એક સપ્તાહમાં ઠંડીનો પારો ૮ ડીગ્રી નીચે સરકી ગયો છે. છેલ્લા બે દિવસથી લઘુત્તમ તાપમાન સિંગલ ડીઝીટમાં આવી ગયુ હતુ જેના લીધે આકરી ઠંડીનુ મોજુ ફરી વળ્યુ છે. જયારે આજે ઠંડીએ હદ વટાવતા શહેરમાં વિક્રમજનક ઠંડી નોંધાઇ છે. ન્યુન્નતમ તાપમાન ૬.૫ ડીગ્રીએ પહોંચી જતા કાતિલ કોલ્ડવેવથી જનજીવન સુન્ન પડી ગયુ છે. કાતિલ ઠંડીના લીધે શહેરીજનો સવારે પણ મોડા સુધી ઘરની બહાર નિકળવાનુ ટાળી રહ્યા છે.જયારે સાંજ ઢળતા જ આક્રમક બનતી ઠંડી સાથે સેકટરોની શેરીઓ અને મુખ્યમાર્ગો પર સન્નાટો છવાઇ જાય છે. કાતિલ શીતલહેરની અસરથી નગરનુ જનજીવન પ્રભાવિત છે. ત્યારે ઠંડીથી બચવા ઘરોમાં હીટર ઓન થયા છે. જયારે શ્રમિકો તાપણાના સહારે આવી ગયા છે. દેશના વિવિધ ભાગોમાં કાતિલ ઠંડીનુ મોજુ ફરી વળ્યુ છે. જયારે દિલ્હીમાં પણ ઠંડીનો પારો ૪.૪ ડીગ્રી આવી જતા કાતિલ ઠંડી ફરી વળી છે. જયારે ગાંધીનગરમાં પણ ઠંડીએ રોદ્ર સ્વરૂપ ધારણ કર્યુ છે. ગાંધીનગરમાં કાતિલ કોલ્ડવેવની ગિરફતમાં આવી ગયુ છે. છેલ્લા એક સપ્તાહમાં ઠંડીનો પારો ૮ ડીગ્રી નીચે સરકી જતા શહેરીજનો હાડ થીજાવતી આકરી ઠંડીનો અહેસાસ કરી રહ્યા છે. છેલ્લા બે દિવસથી લઘુત્તમ તાપમાન સિંગલ ડીઝીટમાં આવી ગયુ છે. બે દિવસ અગાઉ ઠંડીનો પારો ૧૦ ડીગ્રીએ હતો જયારે બે દિવસથી લઘુત્તમ તાપમાન ૮ ડીગ્રીએ સ્થિર રહ્યુ હતુ જેના લીધે સમગ્ર શહેર કાતિલ ઠંડીની લપેટમાં આવી ગયુ હતુ. ઠંડીમાં રાહત મળશે તેવી આશ વચ્ચે શહેરીજનો બને ત્યાં સુધી ઘરમાં જ રહેવાનુ પસંદ કરી રહ્યા છે. ત્યારે આજે ફરી એકવાર ઠંડીનો મિજાજ વધુ ઉગ્ર બનતા સિઝનની વિક્રમજનક ઠંડી નગરજનોએ વેઠવાનો વારો આવ્યો હતો. ઠંડીનો પારો આજે દોઢ ડીગ્રી ઉંચકાયો હતો. અલબત્ત લઘુત્તમ તાપમાન ૬.૫ ડીગ્રી પહોંચી ગયુ હતુ. જેના લીધે સવારથી જ કાતિલ કોલ્ડવેવથી જનજીવન સુન્ન પડી ગયુ હતુ. વહેલી સવારે આકરી ઠંડીના લીધે નગરના માર્ગો પર સુનકાર જોવા મળ્યો હતો. રાત્રિના સમયે પણ ઠંડીએ અસલ મિજાજ બતાવતા સેકટરવાસીઓ ઘરના બારી બારણા બંધ કરી પુરાયેલા રહ્યા હતા. ઠંડીનુ જોર દિનપ્રતિદિન વધતુ રહેતા અસહ્ય અને આકરી બનતી ઠંડી નગરજનોને હવે ઘરની બહાર ન નિકળવા માટે મજબુર કરી દીધા છે. શહેરમાં કાતિલ ઠંડીનુ મોજુ ફરી વળતા સાંજ ઢળતા જ અનોખો સન્નાટો છવાઇ જાય છે.

### વર્ષ-૨૦૧૨માં રેકોર્ડ ૩.૫ ડિગ્રી ઠંડી નોંધાઈ હતી

ગાંધીનગર, તા. ૨૧

ડિસેમ્બર માસમાં ગાંધીનગરમાં રેકોર્ડ ઠંડી નોંધાઈ રહી છે. ગઈકાલે શહેરમાં લઘુત્તમ તાપમાન ૬.૫ ડિ.સે. નોંધાતા શહેરીજનો ઠુંઠવાઈ ગયા હતા. જોકે શહેરમાં રેકોર્ડ તાપમાન ૨૦૧૨ના વર્ષમાં નોંધાયુ હતુ. ૨૦૧૨ના ફેબ્રુઆરી માસમાં લઘુત્તમ તાપમાન ૩.૫ ડિ.સે. સુધી ગગડી ગયુ હતુ.

ગાંધીનગર શહેરમાં દર શિયાળે ખુબ ઠંડી પડે છે. દર વર્ષે ડિસેમ્બરથી ફેબ્રુઆરી સુધી લઘુત્તમ તાપમાન ઘણીવાર ૧૦ ડિગ્રીની નીચે જતુ રહે છે. રેકોર્ડ ઠંડીની જનજીવન પર ઉંડી અસર પડે છે. ગઈકાલે રાત્રે શહેરનું લઘુત્તમ તાપમાન ૬.૫ ડિ.સે. પહોંચી ગયુ હતુ. જેના કારણે વસાહતીઓ ઠંડીમાં ઠુંઠવાયા હતા. જોકે શહેરમાં સૌથી વધુ રેકોર્ડ ઠંડી નવ વર્ષ પહેલા નોંધાઈ હતી. ૨૦૧૨ના ફેબ્રુઆરી માસમાં એક વખતે લઘુત્તમ તાપમાન ૩.૫ ડિ.સે. અને બીજી વખતે ૫.૫ ડિ.સે. નોંધાયુ હતુ.

## પૂર્વ મેયરના વિવાદી બિલ્ડીંગને સીલ કરાશે તેવી ખાત્રી કોર્પોરેશને આપી

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર સે. ૧૧માં પૂર્વ મેયરના વિવાદિત બિલ્ડીંગને મ્યુનિ. કોર્પોરેશન દ્વારા હાઈકોર્ટમાં સીલ કરવાની ખાત્રી આપવામાં આવી છે.

મંગળવારે હાઈકોર્ટમાં આ કેસની સુનાવણી હાથ ધરવામાં આવી હતી. હાઈકોર્ટે નીમેલા બે પ્રતિનિધિઓ દ્વારા થયેલી સ્થળ તપાસનો અહેવાલ સીલબંધ કવરમાં રજુ થયો હતો. જેમાં આ વિવાદી બિલ્ડીંગમાં લાઈટ-પાણી-ગટર સહિતની સુવિધાઓ હોવાનો અને દુકાન-ઓફિસ ધમધમતા હોવાનો ઉલ્લેખ હતો. મ્યુનિ. તંત્ર દ્વારા કોર્ટ સમક્ષ કરાયેલા દાવા કરતાં વિપરિત સ્થિતિ હોવાને કારણે મ્યુ. કોર્પોરેશનને કોર્ટે નિયમાનુસાર કાર્યવાહી કરવા આદેશ આપ્યા હતા.

સે. ૧૧માં આવેલી સ્કાયલાઈન બિલ્ડીંગ પાસે વિકાસ પરવાનગી ન હોવાનો મ્યુનિ. તંત્ર દ્વારા સ્વીકાર થયો હતો. જેથી આ મામલે થયેલી કાર્યવાહીની રજુઆત કરતાં લાઈટ-પાણી-ગટર સહિતની સુવિધાઓ અટકાવી દેવાઈ હોવાનો અને બિલ્ડીંગનું કામ રોકી દેવાયુ હોવાનો દાવો તંત્ર દ્વારા થયો હતો. આ સાથે બિલ્ડીંગનો કોઈ વપરાશ ન થતો હોવાની દલીલ મનપા દ્વારા

● અનુસંધાન પાન-૭ પર

## શહેરમાં કોરોનાના વધુ બે કેસ

### સરગાસણ ટી.પી.-૯ અને ખોરજના બે યુવાઓ કોરોના સંક્રમિત થયા : શહેરમાં કેસોની સંખ્યા ૩૧ થઈ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરમાં કોરોનાની ગતિ વધી જવા પામી છે. ગઈકાલે ૩ કેસ નોંધાયા પછી આજે વધુ બે કેસ નોંધાતા તંત્રની દોડધામ વધી જવા પામી છે. આજે નોંધાયેલા બે કેસ સાથે કેસની સંખ્યા ૩૧ થઈ છે.

શહેરના નવા વિસ્તારોમાંથી કેસો મળવાના શરૂ થતાં તંત્રની ચિંતા વધી છે. આજે ટી.પી. ૯ વિસ્તારમાં તેમજ શહેરમાં સમાવિષ્ટ ખોરજ ગામમાંથી કેસ મળ્યા છે. શહેરમાં સમાવાયેલા ગ્રામ્ય વિસ્તારમાંથી કેસો મળવાના શરૂ થતાં તંત્રની દોડધામ પણ વધવા પામી છે.

આજે નોંધાયેલા બે કેસો યુવાઓના છે. સરગાસણ ગામમાં આવેલ ટી.પી.-૯ વિસ્તારમાં એક ૩૩ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવાન ખાનગી કંપનીમાં નોકરી કરે છે. આ યુવાનને કોઈપણ પ્રકારની ગંધ ન આવતી હોવાથી ટેસ્ટ કરાવતાં તેનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

મળતી વિગતો પ્રમાણે યુવાને વેક્સિનના બન્ને ડોઝ લીધા છે. આ યુવાને હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. યુવાનની તબિયત સારી હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

શહેરમાં બીજો કેસ ખોરજ ગામમાં નોંધાયો છે. ખોરજમાં ૨૮ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ખાનગી કંપનીમાં આ યુવાન નોકરી કરે છે.

મળતી વિગતો પ્રમાણે એક સપ્તાહ પૂર્વે આ યુવાન કંપનીના કામને લઈ ચંદીગઢ ગયો હતો અને ત્યાંથી પરત ફરેલ છે. આ યુવાનને ઠંડી અને તાવની ફરિયાદ હોવાથી ટેસ્ટ કરાવતાં તેનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આ યુવાને પણ વેક્સીનના બન્ને ડોઝ લીધા છે. યુવાને હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

શહેરમાં કેસો જે ગતિએ વધી રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે. તંત્રએ શહેરમાં સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે, ફરજીયાત માસ્કના નિયમની અમલવારી થાય તેમજ સઘન સર્વેલન્સ હાથ ધરવાની સૂચનાઓ આપી છે.

કોરોનાના કેસો છુટા છવાયા નોંધાઈ રહ્યા છે. આ વખતે

● અનુસંધાન પાન-૭ પર

## મહાત્મા મંદિર સાથે જોડાયેલા ખ-માર્ગને વાઈબ્રન્ટ લુક આપવાનુ કામ શરૂ

### વાઇબ્રન્ટને અનુલક્ષી નગરના ખ-માર્ગની રોનક નિખરશે : પેવર પટ્ટા, કેટ આઇ સહીત રોડ ફર્નિચરનુ કામ શરૂ કરાયુ : આસપાસની ફુટપાથનુ પણ રીપેરીંગ કરાશે : લાંબા સમયથી બંધ સોલાર બ્લિન્કર્સ પણ જગમગતા થયા



ગાંધીનગર તા ૨૧

ગાંધીનગરમાં વાઈબ્રન્ટ સમિટના ઓવારણા લેવા તંત્ર ગળાડુબ બન્યુ છે. શહેરમાં વિવિધ માર્ગોને વાઈબ્રન્ટ લુક આપવા માટે કામગીરી ચાલી રહી છે. વાઈબ્રન્ટ દરમિયાન શહેરમાં દેશ વિદેશના મહાનુભાવોની વિશેષ અવરજવર રહે છે. જયારે મહાત્મા મંદિર સાથે જોડાયેલા નગરના ખ માર્ગ પર વિશેષ સુશોભન કરવામાં

● અનુસંધાન પાન-૭ પર




Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com